સરકાર માન્ય પત્રાંક: ૧૮ મબશ/૭૩/ઘ તા: ૨૪-૪-૧૯૭૩

# બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ

-: મહામંત્રી :-
હરેશભાઈ જી.ડાભી
સરદાર પટેલ હાઈસ્કૂલ, ડીસા
મો. ૯૪૨૬૪૪૪૫૬૮
Email- hgdabhi_2011@rediffmail.com

-: પ્રમુખ :-
ઈલીયાસ એમ. સિંધી
ગુજરાત હાઈસ્કૂલ, પાલનપુર
મો. ૯૪૨૮૬૫૪૨૦૧
Email- iliyassindhi@gmail.com

-:ઉપપ્રમુખ :-
જયંતિલાલ જી. પટેલ
સરભવાનસિંહ હાઈસ્કૂલ,દાંતા
મો. ૯૪૨૬૫૯૨૬૩૮

-:ઉપપ્રમુખ :-
ધરમસિંહ બી.દેસાઈ
ઉ.બુ.વિદ્યાલય, નારોલી
મો. ૯૯૭૯૭૮૩૦૮૭

-:ઉપપ્રમુખ :-
હઠાજી એ.વેંઝિયા
મહેતા એન.એસ.વિનય મંદીર,
વાવ મો. ૯૪૨૯૩૦૮૨૩૬

-: મંત્રી :-
નવિનચંદ્ર એન.પટેલ
આદિવાસી વિદ્યાલય,ઈકબાલગઢ
મો. ૯૯૨૫૧૩૪૧૮૦

-: સહમંત્રી :-
ભરતકુમાર જી.પંડયા
એમ.બી.કર્ણાવત હાઈ.પાલનપુર
મો. ૯૪૨૯૪૩૦૦૫૬

-: સહમંત્રી :-
અશ્વિનભાઈ પી.ભાટી
વી.કે.વાઘેલા હાઈ.,દિયોદર
મો. ૯૪૨૭૬૪૯૨૪૧

-: સંગઠનમંત્રી :-
શ્રી ચતરાજી ડી.તરક
આદર્શ હાઈસ્કૂલ,દિયોદર
મો. ૯૪૨૭૦૬૪૦૯૦

-: સંગઠનમંત્રી :-
શ્રી ઈશ્વરભાઈ આર.દેસાઈ
સરદાર પટેલ હાઈસ્કૂલ,ડીસા
મો. ૯૪૨૯૮૪૮૬૮૮

-: કોષાધ્યક્ષ :-
શ્રી માલદેવભાઈ બી.ગુર્જર
આદર્શ હાઈસ્કૂલ,રામપુરા-દામા
મો. ૯૪૨૮૮૪૬૫૦૧

-: અન્વેષક :-
શ્રી ખોડાભાઈ વી.પટેલ
શ્રી જી.જે.પટેલ હાઈસ્કૂલ, જલોત્રા
મો. ૯૯૨૫૯૭૨૪૫

-: કાર્યાલય મંત્રી :-
શ્રી ગીરીશભાઈ વી.વણસોલા
શાહ એચ.કે.હાઈસ્કૂલ,પીલુચા
મો. ૯૪૨૯૭૧૬૫૧૬

તા: ૭ / ૫ / ૨૦૧૨

પ્રતિ,
શ્રી જે.એલ પટેલ સાહેબ,
સંયુક્ત સચિવશ્રી,
શિક્ષણ વિભાગ, ગુજરાત રાજય

**વિષય: બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપવા બાબત...**

સંદર્ભ: (૧) ઠરાવ કર્માકિ: બમશ/ ૧૩૧૦/૧૨૦૧-ગ, ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા: ૨૫- ૨-૨૦૧૨.
(૨) સુધારા ઠરાવ ક્રમાંક: બમશ/૧૩૧૦/૧૨૦૧/ગ, ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તા: ૪-૫-૨૦૧૨.
(3) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક: જીએસી-૧૦૭૭-૫૦૭૭૭-ગ, તા: ૬-૮-૧૯૭૭.

મે. સાહેબશ્રી,

સાદર પ્રણામ

જયભારતસહ આપશ્રીને ઉપરોક્ત સંદર્ભપત્રો દ્વારા ફાજલ થતા શિક્ષકોને રક્ષણ આપવા બાબતે “કુદરતી ન્યાયના સિદ્ધાંતે” જે ઉદારીકરણ દાખવ્યું છે તે બદલ મા.શિક્ષણમંત્રીશ્રી, આપશ્રી તથા કમિશ્નરશ્રીનો અમો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

મે. સાહેબશ્રી,

આપના ઉપરોક્ત સંદર્ભપત્રોમાં ફાજલ શિક્ષકોને સમાવવા માટેની સ્પષ્ટ ગાઈડ લાઈન છે આમ છતાં કેટલીક બાબતે શાળાના આચાર્યશ્રીઓ તેમજ વિવિધ જિલ્લાઓના શિક્ષણાધિકારીઓની ગેરસમજ કે પછી (?) ના કારણે એક વર્ગ બંધ થવાના કારણે જ્યાં ૧.૫ શિક્ષક ફાજલ થાય ત્યાં આપે આપના ઉપરોક્ત સંદર્ભપત્રો-૧ અને ૨ માં સંદર્ભપત્ર-3 ને મુખ્ય આધાર ગણી વર્ગદીઠ રેશીયાને ધ્યાને લેવાનું જણાવેલ છે. તેમ છતાં જ્યાં એકી સંખ્યાના વર્ગો એટલે કે, ૧ , ૩ , ૫ , ૭ જેવા વર્ગો બંધ થાય છે ત્યાં ૧.૫ / ૪.૫ / ૭.૫ / ૧૦.૫ શિક્ષકો ફાજલ થાય છે. ત્યારે ઉપરોક્ત સંદર્ભપત્ર-3 તા: ૭-૮-૧૯૭૭ ના પત્રની સુચના (ફકરા) નંબર-૨ માં સ્પષ્ટ જણાવેલ છે કે, **“ઉપર જણાવેલ સંખ્યાને લીધે ૫ / ૭ કે ત્યાર પછીની એકી સંખ્યાના વર્ગો વાળી શાળાઓમાં ફાજલ પડતા ૦.૫ (અડધા) શિક્ષકોને છૂટા કરવાના નથી. પરંતુ.... સમાવવાના રહેશે.”** આજ બાબતને કુદરતી ન્યાયના અભિગમથી જોવામાં અને અમલ કરવામાં આવે તો જ્યાં ૧ વર્ગ બંધ થવાના કારણે ૧.૫ શિક્ષક ફાજલ થાય તેની સામે **જે ૨ (બે) શિક્ષકોને રાજ્યની તમામ ડી.ઈ.ઓ. કચરીઓ ફાજલ ગણી રહી છે તે તદ્દન અન્યાય કર્તા છે.**

ઉપરાંત ઉપરોક્ત સંદર્ભપત્ર-૧ ના ફકરા નંબર-3માં આપશ્રીએ માધ્યમિક શાળાના ૧.૫ શિક્ષક અને ઉ.મા.શાળાના ૨.૫ શિક્ષકના રેશિયાને ધ્યાને લેવાનું જણાવેલ છે ત્યારે તેમાં આપશ્રીએ સ્પષ્ટ જણાવેલ છે કે, “ફાજલ શિક્ષકોની ગણતરી કરતી વખતે અડધા શિક્ષકની સંખ્યા આવે તો નીચેની પૂર્ણાંક સંખ્યાને ધ્યાને લેવાની રહેશે. દા.ત.: ૨.૫ શિક્ષક ફાજલ થાય તો તેવા કિસ્સામાં ૨ (બે) શિક્ષક ફાજલ ગણવા.”

સાહેબશ્રી,

આપે ઉપરોક્ત દા.ત. (દ્રષ્ટાંત) આપી ફાજલ થતા શિક્ષકો બાબતે ઉપરોક્ત સંદર્ભપત્ર-3 તા: ૬-૮-૧૯૭૭ના ઠરાવની સુચના નં-૨ ને ધ્યાને લઈ ૦.૫ (અડધા) શિક્ષકને જે તે શાળામાં રાખવાનું જણાવેલ છે. તે જ રીતે આ દ્રષ્ટાંત આપે **માધ્ય.શાળામાં ૧.૫ શિક્ષક ફાજલ થતા** ઉપર પણ જણાવ્યું હોત તો **રાજ્યના આચાર્યો કે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને સમજવામાં કોઈ જ મુશ્કેલી ઉભી ન થાય.**

માટે......

( પાન -૨ ઉપર )

આપશ્રી આપના ઉપરોક્ત સંદર્ભપત્ર-૧ તાઃ ૨૫-૨-૨૦૧૧ના પત્રના ફકરા નંબર-૩ માં દર્શાવેલ દા.ત.(દ્રષ્ટાંત) ની પાછળ **"તેવી જ રીતે માધ્ય.શાળાના ફાજલ થતા ૧.૫ / ૪.૫ શિક્ષકોને અનુક્રમે ૧.૦૦ / ૪.૦૦ શિક્ષક ફાજલ ગણવા."**- આ પ્રમાણેની સુચના વધારવા આપ સાહેબશ્રીને અમારી નમ્ર વિનંતી છે. જેના કારણે જે તે આચાર્યશ્રીઓ અને ડી.ઈ.ઓ.શ્રીઓને આપના પત્રને સમજવામાં કોઈ તકલીફ કે બહાનું (દલીલ) રહે નહિ.

મે. સાહેબશ્રી, ઉપરોક્ત સંદર્ભપત્ર-૨ દ્વારા આપે ફાજલ થતા વધુને વધુ શિક્ષકોને સમાવવા માટે આપે ખુબજ ઉત્તમ અને તંદુરસ્ત અભિગમ અપનાવ્યો છે તે બદલ **અમો આપનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.**

મે. સાહેબશ્રી,

આપશ્રીના ઉપરોક્ત સંદર્ભપત્ર-૨ તાઃ ૪-૫-૨૦૧૨ના પત્રના ફકરા નંબર-૭(ખ) માં શરતોને આધિન "રાજયમાં આર.એમ.એસ.એ. યોજના અંતર્ગત શરૂ થયેલ અને થનાર શાળાઓ" માં ફાજલ શિક્ષકોને સમાવવા જણાવેલ છે તે જ રીતે....

**(૧) રાજ્યના શિક્ષણ ખાતા દ્વારા ચાલતી સરકારી મા. અને ઉ.મા.શાળાઓમાં પણ ઉપરોક્ત શરતોને આધિન પણ શિક્ષકોને સમાવી શકાય અને તેજ રીતે...**

**(૨) રાજયની સમાજ કલ્યાણ ખાતા અંતર્ગત ચાલતી વિવિધ વંચિત જાતીઓ માટેની આદર્શ નિવાસી શાળાઓમાં પણ ઉપરોક્ત શરતોને આધિન ફાજલ શિક્ષકોને સમાવી શકાય.**

ઉપરોક્ત સરકારી શાળાઓમાં **સાધનો હોવા છતાં શિક્ષકોના અભાવે** મા. અને ઉ.મા. વિભાગોના સામાન્ય અને સાયન્સ પ્રવાહ બંધ કરવો પડેલ છે. જેના કારણે ગરીબી રેખા નીચે જીવતા પરિવારના હોંશિયાર બાળકો સાયન્સ કે સામાન્ય પ્રવાહની મોંઘી ફી ના કારણે **"ડ્રોપ આઉટ"** થાય છે. દા.ત. પાલનપુર જિઃ બનાસકાંઠાની સરકારી મા. અને ઉ.મા.શાળાનો **"સાયન્સ પ્રવાહ"** બંધ કરવો પડેલ છે. **(આપને જાણ સારૂ)**

**મે. સાહેબશ્રી,**

**ટુંકમાં આપ સાહેબને નીચે પ્રમાણે સુધારો કરવા નમ્રતાપૂર્વકની વિનંતી છે કે,....**

**(૧)** જ્યાં ૧.૫ કે ૪.૫ શિક્ષક ફાજલ થાય છે ત્યાં અનુક્રમે ૧ અને ૪ ફાજલ ગણવા, નહિ કે ૨(બે) અને ૫ (પાંચ). તે રીતે આપના ઉપરોક્ત સંદર્ભપત્ર-૧ નો ફકરા નંબર-૩ સ્વયં સ્પષ્ટ હોવા છતાં, આચાર્યશ્રીઓ અને ડી.ઈ.ઓ.શ્રીઓ સમજવા તૈયાર નથી. તો તેની સ્પષ્ટતા કરવા વિનંતી.

**(૨)** આપના ઉપરોક્ત સંદર્ભપત્ર-૨ ના ફકરા નંબર-૭(ખ) માં શરતોને આધિન આર.એમ.એસ.એ. યોજના અંતર્ગતની માધ્યમિક શાળામાં સમાવવાનું જણાવેલ છે. તેવી જ રીતે રાજ્યની સરકારી શાળાઓ અને આદર્શ નિવાસી શાળાઓના ઉપરોક્ત શરતોને આધિન મા. અને ઉ.મા. વિભાગમાં બિન સરકારી ગ્રાન્ટેડ માધ્ય. શાળાના ફાજલ શિક્ષકોને સમાવવાનો સુધારો કરવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

**(૩)** તાઃ ૦૮/૧૦/૨૦૧૨ના રોજ ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ આયોજીત ૨૫મું શૈક્ષણિક અધિવેશનમાં આપ સાહેબની ઉપસ્થિતિમાં માનનીય શિક્ષણમંત્રીશ્રીએ સ્પષ્ટપણે પોતાના પ્રવચનમાં જાહેરમાં વચન આપેલ કે, **"૨ (બે) નો રેશિયો આવી રહ્યો છે,ભલામાણસ તમારે ચિંતા કરવાની ક્યાં જરૂર છે."** મા. શિક્ષણમંત્રીશ્રીના ઉપરોક્ત વચનને કદાચ કોઈ કારણોસર ન પાળી શકાય તો ૧.૭૫ નો રેશિયો માત્ર ફાજલ શિક્ષકોને સમાવવા પુરતા મર્યાદીત સમય પુરતા ગાળા માટે રાખો તો પણ મા. શિક્ષણમંત્રીશ્રીનું વચન પણ જળવાઈ રહે અને સમગ્ર રાજ્યમાં ફાજલનો પ્રશ્ન લગભગ પૂર્ણ થાય. તો આપ સાહેબને નમ્ર વિનંતી કે, **૧. ૭૫ નો રેશિયો રાખવા કૃપા કરશોજી.**

આપનો સહૃદયી..

**તાઃ ૭ / ૫ / ૨૦૧૨**
**સ્થળઃ પાલનપુર**

**આપનો વિશ્વાસુ**

**(ઈલિયાસ એમ. સિન્ધી)**
**પ્રમુખ**
**બનાસકાંઠા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ**

**બિડાણઃ-**

(૧) સંદર્ભપત્ર-૩ શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંકઃ જીએસી-૧૦૭૭-૫૦૭૭૭-ગ, તાઃ ૬-૮-૧૯૭૭.

**નકલ રવાના સવિનય જાણ અને યોગ્ય ઘટતું કરવા સારૂ:-**

(૧) પ્રતિ,
મા. શ્રી રમણભાઈ વોરા સાહેબ
શિક્ષણ મંત્રી, ગુજરાત સરકાર, ગુજ.રાજ્ય.

(૨) પ્રતિ,
મા. શ્રી સી.વી.સોમ સાહેબ
કમિશ્નરશ્રી, મ.ભો.યો અને શાળાઓની કચેરી.

(૩) મા. ડી.ઈ.ઓ.શ્રી
બનાસકાંઠા જિલ્લા- પાલનપુર

### માધ્યમિક શાળામાં શિક્ષકોનું પ્રમાણ

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
**ઠરાવ ક્રમાંક : જીએસી-૧૦૭૭-૫૦૭૭૭-ગ,**
**સચિવાલય, ગાંધીનગર.**
**તારીખ : ૬-૮-૧૯૭૭.**

વંચાણમાં લીધા :-

(૧) શિક્ષણ અને મજુર વિભાગનો સરકારી ઠરાવ નં. : જીસીસી-૧૦૬૮/૯૩૨૦૩-જી, તા.૨-૧૧-'૬૮.
(૨) શિક્ષણ અને મજુર વિભાગનો સરકારી ઠરાવ નં.: ઇડીએસ-૧૧૬૫/૧૭૫૯૭-બી, તા.૨૮-૫-'૭૬.
(૩) શિક્ષણ અને મજુર વિભાગની અધિસૂચના ક્રમાંક : જીએચ-૩૦-એસઇએ-૧૦૭૩/૧૧૯૯૯-જી, તા.૧૬-૩-'૭૪.
(૪) શિ.વિ.નો પત્ર નં. એસએસએ-૫૦૭૭/૩૫૬૯૩-ગ, તા.૭-૬-'૭૭.

બિન સરકારી માધ્યમિક શાળાઓમાં અંશકાલીન શિક્ષકોની પ્રથા નાબૂદ કરવાનો પ્રશ્ન છેલ્લા કેટલાક સમયથી સરકારની વિચારણામાં હતો અને તે પરત્વે કાળજીપૂર્વકની વિચારણા બાદ સરકારે બિન સરકારી માધ્યમિક શાળાના શૈક્ષણિક સ્ટાફનું પ્રમાણ ચાલુ શૈક્ષણિક વર્ષ એટલે કે ૧૯૭૭-'૭૮ ના વર્ષથી નીચે મુજબ રાખવાનું ઠરાવ્યું છે.

ઠરાવ : બિન સરકારી માધ્યમિક શાળાઓ માટેના ગ્રાન્ટ- ઇન -એઇડ કોડની કલમ ૫૫.૧ ને નીચે દર્શાવ્યા પ્રમાણે ૧૯૭૭-'૭૮ ના વર્ષથી તાત્કાલિક અમલથી સુધારવાનું આથી સરકાર ઠરાવે છે.

૫૫.૧ : શાળાનું કદ, વૈકલ્પિક અભ્યાસક્રમોની વ્યવસ્થા અને શીખવાતા વૈકલ્પિક વિષયો પ્રમાણે શાળાએ પૂરતી સંખ્યામાં અને જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકો રાખવાના રહેશે. શિક્ષકોની સંખ્યા અને વર્ગો વચ્ચેનું પ્રમાણ નીચે પ્રમાણેનું રહેશે.

| વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા | વર્ગોની સંખ્યા | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | ૧-૧/૨ | ૫ | ૭ | ૯ | ૧૩ |
| ૨ | ૩ | ૬ | ૯ | ૧૦ | ૧૫ |
| ૩ | ૫ | ૭ | ૧૦ | ૧૧ | ૧૬ |
| ૪ | ૬ | ૮ | ૧૨ | ૧૨ | ૧૮ |

૨. ઉપર જણાવેલ સંખ્યાના લીધે ૫, ૭ કે ત્યાર પછીના એકી સંખ્યાના વર્ગોવાળી શાળાઓમાં ફાજલ પડતા ૧/૨ (અર્ધા) શિક્ષકને છુટો કરવાનો નથી. પરંતુ, શાળાના વિકાસ સાથે વર્ગો વધતા તે લેવા શિક્ષકને નિયમિત પુર્ણકાલીન શિક્ષક તરીકે સમાવવાનો રહેશે.

૩. સરકારશ્રી એમ પણ ઠરાવે છે કે શાળાના પ્રથમ વર્ગ માટે મળતાં દોઢ શિક્ષક પૈકીના અર્ધા શિક્ષકને બીજો વર્ગ શરૂ થતાં તેને પૂર્ણકાલીન શિક્ષક બનાવવાના રહેશે.

૪. આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગે તા.૨૯-૭-'૭૭ ના રોજ આપેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમ અને તેમના નામે,

વી. આર. રાણા
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ.